**Gujarat State Petronet Ltd.**
GSPL Bhavan,
E-18, GIDC Electronics Estate, Nr. K-7 Circle,
Sector-26, Gandhinagar-382028.
Tel.: +91-79-23268500/600 Fax: +91-79-[illegible]
Web site : www.gspcgroup.com

નં. જીએસપીએલ/ વસંધા/ ચોટીલા - અંજાર પાઇપલાઇન/ સુરેન્દ્રનગર/ ૨૦૧૬
તારીખઃ ૨૭/૦૮/૨૦૧૬

પ્રતિ,
નાયબ વનસંરક્ષકશ્રી,
(ક્ષેત્રિય) વન વિભાગ,
"વન વિહાર" ટી.વી.રીલે કેન્દ્ર સામે,
સુરેન્દ્રનગર.

**Kind Atten. : Shri P. Purshottama, I.F.S.**

વિષયઃ **ચોટીલા - અંજાર પાઇપલાઇન પ્રોજેક્ટઃ** ડાયવર્ઝન ઓફ ૧.૩૭૮૦ હેક્ટર (સુધારેલી ૨.૩૨૫૦ હેક્ટર) ફોરેસ્ટ લેન્ડ ફોર લેઇંગ ૩૬" ડાયા નેચરલ ગેસ પાઇપલાઇન ફોર ટ્રાન્સપોર્ટેશન ઓફ નેચરલ ગેસ પાઇપલાઇન ફ્રોમ ચોટીલા (ડિસ્ટ્રીકટ સુરેન્દ્રનગર) ટુ અંજાર (ડિસ્ટ્રીકટ કચ્છ).

સંદર્ભઃ આપના પત્ર ક્રમાંક બ/ જમન/ ટે-૧૨/ ૨૬૮૨-૮૩ તારીખ ૦૮/૦૮/૨૦૧૬

મે. સાહેબ,

આપના તરફથી વારંવાર મળતાં સહકાર અને માર્ગદર્શન માટે કંપની આભારી છે.

અત્રેની કચેરીના પત્ર નંબર GSPL/ ACPL/ Forest/ 2015 – 2 Dt. 27/01/2016, જીએસપીએલ/ વસંધા/ ચોટીલા-અંજાર/ સુરેન્દ્રનગર/ ૨૦૧૬ તારીખ ૦૭/૦૫/૨૦૧૬, જીએસપીએલ/ સીએપીએલ/ ફોરેસ્ટ/ સુરેન્દ્રનગર/ આર.પી.એલ./ ૨૦૧૬ તારીખ ૨૫/૦૬/૨૦૧૬ તથા જીએસપીએલ/ ચોટીલા-અંજાર/ સુરેન્દ્રનગર/ પીઇઆર/ ૨૦૧૬ તા. ૩૦/૦૬/૨૦૧૬ ના અનુસંધાને.

સંદર્ભમાં ટાંકેલ આપના પત્રથી માંગ્યા અનુસાર મુદ્દાવાર પૂર્તતા નીચે વિગતે કરવામાં આવે છે.

સંદર્ભમાં ટાંકેલ આપના પત્રથી આપેલ સુચના અનુસાર મોજે ધારાડુંગરી તા. સાયલાના સર્વે નંબર ૧૫૦/ ૧/ પૈ-૩ તથા મોજે શાપર તા. સાયલાના સર્વે નંબર ૧૧૯/ પૈકી-૧૦ માંથી પસાર થતી પાઇપલાઇનનો સમાવેશ કરી દરખાસ્ત નવેસરથી તૈયાર કરી છ (૬) નકલમાં રજુ કરવામાં આવે છે.

(૧) યુઝર એજન્સી દ્વારા કરવામાં આવેલ ઓનલાઇન પાર્ટ -૧ માં ફેરફાર કરવાની કોઇ જોગવાઇ નથી જ્યારે પાર્ટ -૨ ઓનલાઇન આપની કક્ષાએથી જે તે મુજબ ફેરફાર સાથે અપલોડ કરી શકાશે જે વિદિત થાય.

GUJARAT STATE PETRONET LTD. GANDHINAGAR

(૨) એનેક્ષર -૨ માં સામેલ રાખેલ એનેક્ષર -એ માં સીતાગઢ ફોરેસ્ટ, ગુગલીયાણા ફોરેસ્ટ તેમજ સુધારેલી દરખાસ્તમાં આવતાં ધારાડુંગરી અને શાપર ફોરેસ્ટને આપેલ સુચના મુજબ બતાવવામાં આવેલ છે.

(૩) એનેક્ષર -૩, ફોર્મ -એ, પાર્ટ -૧ માં પર્ટીક્યુલરના કોલમમાં સીતાગઢ ફોરેસ્ટ, ગુગલીયાણા ફોરેસ્ટ તેમજ સુધારેલી દરખાસ્તમાં આવતાં ધારાડુંગરી અને શાપર ફોરેસ્ટને આપેલ સુચના મુજબ બતાવવામાં આવેલ છે.

(૪) એનેક્ષર -૭ માં સુચના મુજબ સુધારેલી દરખાસ્ત મુજબ જરૂરી પૂર્તતા કરવામાં આવેલ છે.

(૫) સુધારેલી દરખાસ્ત મુજબનું એફ.આર.એ ૨૦૦૬ હેઠળનું પ્રમાણપત્ર કલેક્ટરશ્રી, સુરેન્દ્રનગર તરફથી માંગવામાં આવેલ છે. જે મળેથી આપને રજુ કરવામાં આવશે. આપની સુચના મુજબ દરખાસ્તના એનેક્ષર - ૧૫ સાથે FRA 2006 માટે કરેલ અરજીની નકલ સહિત દરખાસ્ત સાથે જોડવામાં આવેલ છે.

(૬) દરખાસ્તની તમામ નકલોમાં એનેક્ષર - ૧૮ ની માહિતીની ચકાસણી કરી બાકી રહેલ ફાઇલોમાં સામેલ રાખવામાં આવેલ છે.

(૭) એનેક્ષર -૨૦ માં માંગ્યા મુજબનું લેન્ડ સ્યુટીબીલીટી સર્ટીફીકેટ જોડવામાં આવેલ છે.

(૮) એનેક્ષર -૨૮ સાથે રાખવાના નકશા સુધારેલી દરખાસ્ત મુજબ આપેલ સુચના મુજબ પૂર્તતા કરવામાં આવેલ છે.

(૯) એનેક્ષર -૨૯ સાથે રાખવાના નકશા સુધારેલી દરખાસ્ત મુજબ આપેલ સુચના મુજબ પૂર્તતા કરવામાં આવેલ છે.

(૧૦) એનેક્ષર - ૩૦ સાથે રાખવાના નકશામાં સુધારેલી દરખાસ્ત મુજબ આપેલ સુચના મુજબ લાઇનનું માર્કીંગ કરી દરખાસ્તમાં જોડવામાં આવેલ છે.

(૧૧) સવાલવાળી દરખાસ્તના એનેક્ષર -૩૧ માં સુધારેલી દરખાસ્ત મુજબ આપેલ સુચના મુજબ ક્રોસ સેક્શન મેપ તૈયાર કરી દરખાસ્તમાં જોડવામાં આવે છે.

(૧૨) આપેલ સુચના મુજબ એનેક્ષર -૩૨ માં એનેક્ષર - ૨૮ માં જોડેલ નકશો લાગુ પડે છે. જેથી તે મુજબ એનેક્ષર - ૩૨ નવેસરથી તૈયાર કરી જોડવામાં આવે છે.

(૧૩) માંગ્યા મુજબ અગાઉની તથા સુધારેલી દરખાસ્ત મુજબ એનેક્ષર -૩૫ સાથે રાખવાના નકશામાં એરીયાની બાઉન્ડ્રી તથા લીજીન્ડ જણાવી જોડવામાં આવે છે.

આપના ઉપરોક્ત પત્રથી મળેલ દરખાસ્તની છ (૬) ફાઇલોમાં જરૂરી પૂર્તતા કરી પરત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લઇ, દરખાસ્તને ચકાસી, અભિપ્રાય સહ ઉપલી કક્ષાએ રજુ કરી સૈદ્ધાંતિક મંજુરીના હુકમો મેળવી આપવા વિનંતી છે.

સહકાર બદલ આભાર.

આપનો વિશ્વાસુ,

GUJARAT STATE PETRONET LTD. GANDHINAGAR

(રાજેશ સુહાને)
સીનીયર મેનેજર (આર એન્ડ સી)
ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમીટેડ,
ગાંધીનગર.